# ૧૯ મું તત્ત્વદૃષ્ટિ અષ્ટક

શ્લોક-૧

રૂપે રૂપવતી દૃષ્ટિ, દૃષ્ટ્વા રૂપં વિમુહ્યતિ
મજ્જત્યાત્મનિ નીરૂપે, તત્ત્વદૃષ્ટિસ્ત્વરૂપિણી ૧૯-૧

<u>શબ્દાર્થ</u>: રૂપે = રૂપમાં, રૂપવતી = રૂપવાળી, દૃષ્ટિ = દૃષ્ટિ, દૃષ્ટ્વા = જોઈને, રૂપં = રૂપને, વિમુહ્યતિ = મોહ પામે છે, મજ્જતિ = મગ્ન થાય છે, આત્મનિ = આત્મામાં, નીરૂપે = રૂપરહિત, તત્ત્વદૃષ્ટિ = તત્ત્વદૃષ્ટિ, તુ = પણ, અરૂપિણી = રૂપરહિત

<u>શ્લોકાર્થ</u>: રૂપવાળી દૃષ્ટિ રૂપને જોઈને <u>મોહ પામે</u> છે, પરંતુ અરૂપી તત્ત્વદૃષ્ટિ રૂપરહિત આત્મામાં <u>મગ્ન થાય છે</u>.

<u>ભાવાર્થ</u>: રૂપ એટલે આકાર. કેટલાક આકારો જોઈને માણસનું મન પ્રસન્ન થાય છે અને કેટલાક આકારો જોઈને અભાવ, ઘૃણા, અણગમો, તિરસ્કાર થાય છે. આ રૂપવતી એટલે બાહ્ય આકારને જોવાવાળી દૃષ્ટિ ધરાવનાર સામાન્ય માણસના અનુભવો લૌકિક હોય છે. સરેરાશ (Average) માણસની દૃષ્ટિ એટલે જ હોય છે <u>કારણકે તે સપાટીસુધી જુએ</u> છે. એથી ઉપર જતાં એને <u>આવડતું</u> <u>નથી કારણ એમાં મોહ મમત્વનો ભાગ ભળ્યો</u> છે.

સાંસારિક મોહભરી રૂપવતી દૃષ્ટિમાં બધા એકસરખી દૃષ્ટિથી વિચારતા નથી. એક ગાય ચાલી જતી હોય તો ગૌભક્તની દૃષ્ટિ, ભરવાડની દૃષ્ટિ, ખેડૂતની દૃષ્ટિ, કસાઈની દૃષ્ટિ, ચમારની દૃષ્ટિ, પાંજરાપોળવાળાની દૃષ્ટિ જુદી જુદી હોય છે. કોઈ મુનિ મહારાજ ગાયને જુએ તો તેઓ કર્મની ગતિનો વિચાર કરશે. તેમને ~~ગા~~ ગાયમાં રહેલો શુદ્ધ આત્મા દેખાશે.

<u>તત્ત્વ એટલે વસ્તુનું સ્વરૂપ</u>. <u>તત્ત્વદૃષ્ટિ એટલે જે દ્રવ્ય જે સ્વરૂપે હોય તે સ્વરૂપે જોવાની દૃષ્ટિ</u>. એટલે જ <u>જ્ઞાની મહાત્માઓની તત્ત્વદૃષ્ટિ અરૂપી એટલે કે રૂપ કે આકાર રહિત હોય છે</u>. <u>તે પદાર્થ કે વ્યક્તિથી પર થઈને એમાં રહેલા તત્ત્વને જુએ છે</u>. આત્મા હોય તો આત્માને જુએ છે અને પૌદ્ગલિક પદાર્થ હોય તો તેને તે સ્વરૂપે જુએ છે. <u>જ્ઞાની પોતાના આત્મતત્ત્વમાં જ મગ્ન બને છે</u>. સંસાર ત્યાગ કર્યો અને દીક્ષા લીધી એટલે આવી તત્ત્વદૃષ્ટિ તરત આવી જાય એમ બનતું નથી, શાસ્ત્રનો અભ્યાસ, અનુપ્રેક્ષા, ધ્યાન વગેરે દ્વારા તત્ત્વદૃષ્ટિ ખીલે છે. એક વાર જો આત્મતત્ત્વમાં રસ પડ્યો પછી સમગ્ર જગતનાં ધનવૈભવ વગેરે પૌદ્ગલિક પદાર્થો તુચ્છ લાગે છે.

૧૯ મું તત્ત્વદૃષ્ટિ અષ્ટક

P. 276

શ્લોક-૨

ભ્રમવાટી બહિર્દૃષ્ટિ:, ભ્રમચ્છાયા તદીક્ષણમ્
અભ્રાન્ત: તત્ત્વદૃષ્ટિ: તુ, નાસ્યાં શેતે સુખાશયા ૧૯-૨

<u>શબ્દાર્થ</u>: ભ્રમવાટી = ભ્રમની અર્થાત્ ભ્રાન્તિની વાડી, બહિર્દૃષ્ટિ: = બાહ્ય દૃષ્ટિ, ભ્રમચ્છાયા = ભ્રાન્તિની છાયા, તદીક્ષણમ્ = તેને જોવું; અભ્રાન્ત: = ભ્રાન્તિરહિત, તત્ત્વદૃષ્ટિ: = તત્ત્વની દૃષ્ટિવાળો, તુ = પરંતુ; ન = નહિ, અસ્યાં = એમાં, ભ્રાન્તિની છાયામાં, શેતે = સૂઈ જાય, સુખાશયા = સુખની ઇચ્છાથી

<u>શ્લોકાર્થ</u>: બાહ્યદૃષ્ટિ ભ્રાન્તિની વાડી છે. બાહ્યદૃષ્ટિનો પ્રકાશ ભ્રાન્તિની છાયા છે. પરંતુ ભ્રાન્તિરહિત તત્ત્વની દૃષ્ટિવાળો ભ્રાન્તિની છાયામાં સુખની ઇચ્છાથી સૂતો નથી.

<u>ભાવાર્થ</u>: જગતને જોવાની બાહ્યદૃષ્ટિ અને તત્ત્વદૃષ્ટિ વચ્ચેનો તફાવત સમજાવવા માટે અહીં વાડીનું રૂપક બતાવે છે. વાડી (Farm House)માં જાત જાતના વૃક્ષો હોય છે, એમ કહેવાય છે કે આરોગ્ય સુધારવું હોય તો અમુક વૃક્ષની નીચે સૂઈ જવું. કોઈ વૃક્ષ એવું હોય છે કે તેની નીચે સૂવાથી આરોગ્ય બગડે છે, કેટલાક વૃક્ષો અને તેના ફળો સુંદર દેખાય પણ એ ખાવાથી મૃત્યુ થાય. કિંપાકનું ફળ એ પ્રકારનું ગણાય છે. આવી વાડીઓ ભ્રામક અટલે ભૂલથાપ ખવડાવે છે.
સંસાર પ્રત્યે જોવાની દૃષ્ટિ આવી ભ્રમવાડી જેવી છે. પુદ્ગલ અને અન્ય જડદ્રવ્યને મારા માનવા અને તેના રૂપ-રસ વગેરે ગુણોમાં મોહાન્ધ બનવું તે બાહ્યદૃષ્ટિ છે, ભ્રમથી ઉત્પન્ન થયેલી છે. <u>બાહ્ય દૃષ્ટિમાં "મારા" અને "અહં" ના વિકલ્પો આવે</u>. બાહ્યદૃષ્ટિ <u>ઉપાદેયને હેય બતાવે અને હેયને ઉપાદેય સમજાવે.</u>
તત્ત્વદૃષ્ટિ આત્માને સુખની સ્પૃહા હોતી નથી. તેથી તે બાહ્યદૃષ્ટિની વાડીમાં જતો જ નથી. જો એ વાડીમાંથી પસાર થવું પડે તો એ વિષવૃક્ષોની સુંદરતામાં અંજાઈ જતો નથી કે સુખની ઇચ્છાથી તેની છાયામાં બેસતો પણ નથી. તત્ત્વની રુચિવાળો અને આત્મસ્વભાવમાં જ રમણતા કરનારો સમ્યગ્દૃષ્ટિ જીવ વિષયો ભોગવતો હોવા છતાં પણ તે વિષયોમાં રમતો નથી, કે મગ્ન પણ થતો નથી.
જેણે આત્મિક સુખનો આસ્વાદ કર્યો હોય, તેને વિષયસુખની વાત પણ હળાહળ ઝેર જેવી લાગે છે, તો વિષયોમાં પ્રવૃત્તિ ત્યાંથી હોય?

૧૯ મું તત્ત્વદૃષ્ટિ અષ્ટક

શ્લોક -3.

ગ્રામારામાદિ મોહાય, યદ્ દૃષ્ટં બાહ્યયા દૃશા।
તત્ત્વદૃષ્ટ્યા તદેવાન્ત, ર્નીતં વૈરાગ્યસંપદે ॥ ૧૯-3

<u>શબ્દાર્થ</u>: ગ્રામારામાદિ = ગ્રામ + આરામ + આદિ = ગ્રામ, ઉદ્યાન વગેરે; મોહાય = મોહને માટે; યદ્ = જે; દૃષ્ટં = જોયેલા; બાહ્યયા દૃશા = બાહ્ય દૃષ્ટિ વડે; તત્ત્વદૃષ્ટ્યા = તત્ત્વદૃષ્ટિ વડે; તદેવ = તે જ; અન્તર્નીતં = આત્મામાં ઉતારેલા; વૈરાગ્યસંપદે = વૈરાગ્યની પ્રાપ્તિ માટે

<u>શ્લોકાર્થ</u>: બાહ્યદૃષ્ટિ વડે જોયેલા ગામ, ઉદ્યાન વગેરે માટે મોહ થાય છે. (તે જ ભાવો જ્યારે) તત્ત્વદૃષ્ટિથી આત્મામાં ઉતારેલા હોય તો વૈરાગ્યની પ્રાપ્તિ માટે થાય છે.

<u>ભાવાર્થ</u>: બાહ્યદૃષ્ટિથી જોવાથી ગામ, નગર, બાગ-બગીચા આદિનું સૌંદર્ય રાગ ઉત્પન્ન કરે છે. એ જ વસ્તુઓને જોઈ, તત્ત્વદૃષ્ટિવાળા પુરુષોને વૈરાગ્ય થાય છે. આ રીતે અજ્ઞાની, બાહ્યદૃષ્ટિએ જોઈને, જે વસ્તુઓ ઉપર રાગ કરીને કર્મ બાંધે છે તે જ વસ્તુઓને જોવા છતાં જ્ઞાનીઓનો વૈરાગ્ય વૃદ્ધિ પામે છે અને તત્ત્વચિંતન વડે પુષ્કળ કર્મોની નિર્જરા કરે છે.

પૃથ્વીચંદ્ર અને ગુણસાગર ને રાગ-દ્વેષની વૃદ્ધિ કરનારા રાજ્ય અને રૂપવતી કન્યાઓ મળવા છતાં વૈરાગ્ય ઉત્પન્ન થયો અને અંતે તત્ત્વચિંતન વડે શુભભાવનાઓથી ભાવિત બની કેવલજ્ઞાન પામી શાશ્વત સુખના સાધક બન્યા, તે તત્ત્વદૃષ્ટિનું પ્રકૃષ્ટ ફળ છે.

ભરત મહારાજા આરીસાભુવનમાં, ચક્રવર્તી રાજા હોવા છતાં, તત્ત્વદૃષ્ટિએ સર્વ પદાર્થોની અનિત્યતા વિચારી વૈરાગ્ય ભાવના ભાવી કેવલજ્ઞાન પામ્યા.

આ રીતે અનેક તત્ત્વજ્ઞાની પુરુષો જ્યારે ઉદ્યાનાદિને જુએ છે, ત્યારે વનસ્પતિકાય-અપકાય વગેરેમાં રહેલા જીવોની કર્મજન્ય વિડંબનાનો વિચાર કરે છે. પૂર્વ જન્મમાં કરેલા પાપોનો વિપાક ભોગવતા તે જીવો પ્રતિ પરમ મૈત્રી અને કરુણાભાવ ભાવે છે. <u>તત્ત્વદૃષ્ટિ મોહજનક નહિ પણ મોહમારક છે.</u>

# ૧૯ મું તત્ત્વદૃષ્ટિ અષ્ટક

શ્લોક - ૪

બાહ્યદૃષ્ટેઃ સુધાસાર, ઘટિતા ભાતિ સુન્દરી ।
તત્ત્વદૃષ્ટેસ્તુ સાક્ષાત્ સા, વિણ્મૂત્ર પિઠરોદરી ॥ ૧૯-૪

__શબ્દાર્થ:__ બાહ્યદૃષ્ટેઃ = બાહ્ય દૃષ્ટિને; સુધાસારઘટિતા = અમૃતના સારથી ઘડેલી; ભાતિ = ભાસે છે; સુંદરી = સુંદર સ્ત્રી; તત્ત્વદૃષ્ટેઃ = તત્ત્વદૃષ્ટિને; તુ = પરંતુ; સાક્ષાત્ = સાક્ષાત, પ્રત્યક્ષ; સા = તે; વિણ્મૂત્ર = વિષ્ટા અને મૂત્રની; **પિઠરોદરી** = હાંડલી જેવા પેટ (ઉદર) વાળી

__શ્લોકાર્થ:__ બાહ્યદૃષ્ટિને સુંદર સ્ત્રી અમૃતના સાર વડે ઘડેલી ભાસે છે, તત્ત્વદૃષ્ટિને તે સ્ત્રી સાક્ષાત્ વિષ્ટા અને મૂત્રથી ભરેલી હાંડલી જેવા ઉદરવાળી દેખાય છે.

__ભાવાર્થ:__ સ્ત્રીના દેહને જોવા માટે અહીં બાહ્યદૃષ્ટિ અને તત્ત્વદૃષ્ટિ એમ બંને દૃષ્ટિથી વિચાર કરવામાં આવ્યો છે અહીં મળમૂત્રથી ભરેલા સ્ત્રીના દેહની વાત કરવામાં આવી છે, પરંતુ પુરુષના દેહની વાત કેમ કરવામાં નથી આવતી ? એ પણ મળમૂત્રથી ભરેલો હોય છે. એના કારણોમાં એક મહત્ત્વનું કારણ એ છે કે પુરુષની કામવાસના વધુ વેગવાળી અને બળવાન હોય છે. બીજી બાજુ નામકર્મના ઉદયને કારણે રૂપલાવણ્ય મુખ્યત્વે સ્ત્રીને વરેલાં છે. એટલે સુંવાળી ત્વચા, કોમલ સ્પર્શ, મોહક નયનો, આકર્ષક અવયવો, મધુર કંઠ, માંસલ દેહ વગેરેને કારણે પુરુષ સ્ત્રી પ્રત્યે મોહ પામે એ સ્વાભાવિક છે. બાહ્ય દૃષ્ટિવાળા પુરુષને સ્ત્રી અમૃતના સાર વડે ઘડાયેલી લાગે છે. પ્રત્યેક યુગના કવિઓ સ્ત્રીનાં રૂપલાવણ્યને ઉપમા, રૂપક વગેરે અલંકારો વડે વર્ણવતાં થાકતા નથી. પોતાના મોહક રૂપથી સ્ત્રીએ મહારથીઓને વશ કર્યા હોય, પંડિતોને પાડ્યા હોય, વિદ્વાનોને ચલિત કર્યા હોય, મુનિવરોને લલચાવ્યા હોય, એવી ઘટનાઓ બનતી જ રહે છે!

અંતરાત્મા તત્ત્વદૃષ્ટિ પુરુષ શરીરની ભીતરમાં જુએ છે અને ક્રમશઃ ઊંડે છે, તેમને દુર્ગંધમય વસ્તુઓનો ઉકરડો દેખાય છે. તત્ત્વદૃષ્ટિ જીવો નિર્મળ એવા આનંદને આપનાર એવા આત્મસ્વરૂપનું જ અવલોકન કરે છે. આ મહાત્માઓ સતત જ્ઞાનાદિ ગુણમય આત્મસ્વરૂપમાં જ લીનતાવાળા હોય છે. તે આત્માઓને ભોગો એ રોગો જ લાગે છે. ભોગનાં સાધનો બંધનમાત્ર લાગે છે. એટલે સ્ત્રીના દેહનો મળમૂત્રની **હાંડલી** કરવામાં શાસ્ત્રકારનો આશય સ્ત્રીની વગોવણી કરવાનો નથી, પણ મુનિઓને એનાથી વિમુખ કરવાનો છે. આખી વાત સાપેક્ષ દૃષ્ટિથી વિચારવી જોઈએ તો તો બરાબર સમજી શકાય.

**શ્લોક: ૫**

લાવણ્યલહરીપુણ્યં, વપુઃ પશ્યતિ બાહ્યદૃગ્
તત્ત્વદૃષ્ટિઃ શ્વકાકાનાં, ભક્ષ્યં કૃમિકુલાકુલમ્ ૧૯-૫

**શબ્દાર્થ:** લાવણ્યલહરીપુણ્યં = સૌંદર્યના તરંગ વડે પવિત્ર, વપુઃ = શરીર, પશ્યતિ = જુએ છે, બાહ્યદૃગ્ = બાહ્યદૃષ્ટિ, તત્ત્વદૃષ્ટિ = તત્ત્વદૃષ્ટિ, શ્વકાકાનાં = કૂતરાંઓ અને કાગડાઓને, ભક્ષ્યં = ખાવાયોગ્ય, કૃમિકુલાકુલમ્ = કૃમિના સમૂહથી ભરેલું

**શ્લોકાર્થ:** બાહ્યદૃષ્ટિવાળો સૌન્દર્યના તરંગ વડે પવિત્ર શરીર જુએ છે. તત્ત્વદૃષ્ટિવાળો કૂતરાં અને કાગડાઓને ભક્ષણ કરવા યોગ્ય (ખાવા યોગ્ય) કૃમિના સમૂહથી ભરેલું જુએ છે.

**ભાવાર્થ:** યુવાન સ્ત્રીના દેહની વાત કર્યા પછી ઉપાધ્યાયજી હવે સ્ત્રી અને પુરુષ એમ બંનેના શરીરની વાત કરે છે. બાહ્યદૃષ્ટિવાળા જીવોને આ શરીર લાવણ્ય અને તેજ કાન્તિથી ભરેલું દેખાય છે, કારણ કે તે ચક્ષુ ઇન્દ્રિયથી ગ્રાહ્ય છે. તેને આ શરીરમાં લાવણ્યની લહેરીઓ જ દેખાય છે. તેથી શરીર પવિત્ર લાગે છે. અનાદિ કાળથી લોકો શરીરને કેમ આકર્ષક બનાવી શકાય તે માટે જાત જાતના શરીર શણગારના દ્રવ્યો ખરીદે છે.

પરંતુ તત્ત્વદૃષ્ટિવાળો જીવ ક્યારેય પણ તેના રૂપ લાવણ્યથી, કે શરીર-શણગારથી પ્રભાવિત થતાં નથી. કારણ કે તે જાણે છે કે દિવસે દિવસે વૃદ્ધ થતા શરીરનો એક દિવસ અંત આવવાનો જ છે. બહારથી સુંદર દેખાતું શરીર, અશુચિથી ભરેલું છે. મૃત્યુ પછી જો આ શરીરનો અગ્નિસંસ્કાર કરવામાં ન આવે તો કૂતરા, કાગડા વગેરે પશુ પક્ષીઓનું ભક્ષ્ય બને છે. મૃત્યુ બાદ જો શરીરને વધારે વખત રાખવામાં આવે તો તેમાં કીડા વગેરે જીવાત થાય છે.

નવ છિદ્રો (દ્વાર) માંથી વહેતા દુર્ગન્ધના પ્રવાહથી વ્યાપ્ત એવા આ શરીરમાં પવિત્રતાની બુદ્ધિ રાખવી એ મોહ-દૃષ્ટિ છે. આ રીતે વિચારણા કરતાં કર્મની ઉપાધિથી પ્રાપ્ત થયેલું શરીર આત્માને અસારતારી છે.

શ્લોક - ૭

ગજાશ્વૈર્ભૂપભવનં, વિસ્મયાય બહિર્દૃશઃ
તત્રાશ્વેભવનાત્ કોઽપિ, ભેદસ્તત્ત્વદૃશસ્તુ ન
(૧૯-૭)

શબ્દાર્થ:
ગજાશ્વૈઃ = હાથી-ઘોડા વડે; ભૂપભવનં = રાજાનો મહેલ, વિસ્મયાય = વિસ્મય, આશ્ચર્ય; બહિર્દૃશઃ = બાહ્યદૃષ્ટિવાળાને; તત્ર = તેમાં; અશ્વેભવનાત્ = ઘોડા અને હાથીના વનથી; કોઽપિ = કંઈ પણ; ભેદઃ = ભેદ, વિશેષ; તત્ત્વદૃશસ્તુ = તત્ત્વદૃષ્ટિવાળાને તો; ન = નહીં

શ્લોકાર્થ:
બાહ્યદૃષ્ટિ આત્માને હાથી, ઘોડા વગેરે સંપત્તિ વડે રાજભવન આશ્ચર્ય ઉપજાવે તેવું લાગે છે જ્યારે તત્ત્વદૃષ્ટિ આત્માને આ જ રાજભવનમાં અને હાથી, ઘોડાવાળા વનમાં (જંગલમાં) કંઈ ફરક દેખાતો નથી. અર્થાત્ રાજભવન પણ જંગલ તુલ્ય ભાસે છે.

ભાવાર્થ: ગ્રામ, આરામ, સુંદરી અને શરીર ભોગી જીવને કેવા લાગે? અને યોગી જીવને કેવા લાગે? તે સમજાવીને હવે "રાજભવન" ભોગીને અને યોગીને કેવું લાગે? તે સમજાવે છે. તત્ત્વદૃષ્ટિવાળાને કોઈનો રાજમહેલ જુએ કે કોઈની ઝૂંપડી જુએ, એમની નજરમાં કંઈ ફરક પડતો નથી, કારણકે તેઓ પુદ્ગલને પુદ્ગલ સ્વરૂપે જુએ છે. પ્રાચીન કાળમાં રાજાઓને ત્યાં હાથી-ઘોડા વધારે પ્રમાણમાં રહેતા એટલે બાહ્યદૃષ્ટિવાળા જીવને રાજભવન આશ્ચર્યકારી લાગે છે.

પરંતુ તત્ત્વદૃષ્ટિવાળો જીવ જ્યારે રાજાની અશ્વશાળામાં ઘણા બધા ઘોડાઓ અને હસ્તિશાળામાં ઘણા બધા હાથીઓને જોઈને તેમને રાજભવન એક વન અર્થાત્ જંગલ લાગે છે. પોતાને આવી સંપત્તિ અને અનુકૂળતા મળે તો પોતે કેટલા ભાગ્યશાળી ગણાય એવો ભાવ પણ તત્ત્વદૃષ્ટિવાળાને થતો નથી. તેઓ આવા ભૌતિક ઐશ્વર્યની અનિત્યતાને યાદ કરે છે.

નગરમાં રહેવાનો જેટલો આનંદ પ્રવર્તે તેના કરતાં અનેકગણો આનંદ મહાત્માને વનમાં વસવામાં થાય છે કારણકે ત્યાં આત્મચિંતનમાં કોઈ બાધક નથી. સ્વાનુભવના આનંદની લહાણી માણવા માટે વન એ નગરતુલ્ય લાગે છે.

શ્લોક-૭

ભસ્મના કેશલોચેન, વપુર્ધૃતમલેન વા
મહાન્તં બાહ્યદૃગ્ વેત્તિ, ચિત્સામ્રાજ્યેન તત્ત્વવિત્ (૧૮-૭)

<u>શબ્દાર્થ:</u>
ભસ્મના = ભસ્મથી, રાખ ચોળવાથી, કેશલોચેન = કેશનો લોચ કરવાથી, વપુર્ધૃતમલેન = શરીર પર મેલ ધારણ કરવાથી, વા = અથવા, મહાન્તં = મહાત્મા રૂપે, બાહ્યદૃગ્ = બાહ્ય દૃષ્ટિવાળા, વેત્તિ = જાણે છે, ચિત્સામ્રાજ્યેન = જ્ઞાનની પ્રભુતાથી, તત્ત્વવિત્ = તત્ત્વજ્ઞાની

<u>શ્લોકાર્થ:</u> ભસ્મ લગાવવાથી, કેશનો લોચ કરવાથી અથવા શરીર પર મેલ ધારણ કરવાથી 'આ મહાત્મા છે' એમ બાહ્યદૃષ્ટિવાળા જાણે છે, પરંતુ તત્ત્વજ્ઞાની તો જ્ઞાનની પ્રભુતાથી એ (મહાનતા) જાણે છે.

<u>ભાવાર્થ:</u> આ શ્લોકમાં સાધુ-સંન્યાસીઓના બાહ્ય વેશ અને ક્રિયા વિશે કહેવામાં આવ્યું છે. કેટલાક સંન્યાસી બાવા શરીરે માત્ર લંગોટી ધારણ કરી આખા શરીરે ભસ્મ ચોપડતા હોય છે. કેટલાક માથે મુંડન કરાવે છે, કેટલાક કેશલોચ કરાવે છે. કેટલાક સ્નાન કરતા નથી અને પોતાનાં શરીર તથા વસ્ત્રને મેલાં રાખે છે.

ભસ્મ લગાડનારનો, કેશલોચ કરનારનો કે શરીરે મેલ ધરાવનારનો આશય જો દંભ કરીને લોકોને છેતરવાનો, પોતાની માયાજાળમાં સપડાવવાનો જો હોય તો તે જુદી વાત છે. પરંતુ છેતરપીંડી કરવાનો આશય ન હોય અને પોતાની ધાર્મિક માન્યતાથી જ તેઓ તેમ કરતા હોય તો તત્ત્વદૃષ્ટિએ એમનું આચરણ કેટલું યોગ્ય છે તે વિચારણીય છે. એટલું તો સ્પષ્ટ છે કે આવા બાહ્ય આચરણમાં કષ્ટ ઘણું પડે છે. તે તેઓ સ્વેચ્છાએ સહન કરે છે અને તેને ધર્મના એક અંગરૂપ માને છે.

તેઓ ખોટું કરે છે એમ કદાચ ન કહીએ તો પણ એટલા માત્રથી તેઓ ઊંચી આધ્યાત્મિક દશા ધરાવે છે એમ ન કહી શકાય. ઊંચી આધ્યાત્મિક દશા પ્રાપ્ત કરવા માટે તેવા પ્રકારની સાધનાની આવશ્યકતા રહે છે. એમ ન માની લેવાય કે જેઓ શિરમુંડન કે કેશલોચ કરાવે છે તેઓ ક્યારેય ઊંચી આધ્યાત્મિક દશા ન જ ધરાવતા હોય, પરંતુ કેવળ બાહ્યદૃષ્ટિથી અવલોકન કરીને →

શ્લોક-૭

નિર્ણય ન આપી શકાય.

તત્ત્વદૃષ્ટિવાળો આત્મા તો અરૂપી એવું જે આત્માનું સ્વરૂપ છે તેને જ જાણવામાં આનંદ-મસ્તીવાળો છે. તે તો શુદ્ધ અને અખંડ એવા આત્મગુણોના આનંદને સાધવામાં મસ્ત છે.

જે કાગળના ગુલાબમાં સુગંધ ન હોય, માત્ર કાગળની પાંખડીઓ જ હોય તેને સુગંધી પુષ્પ કોણ માને? તેમ જેના જીવનમાં વિશિષ્ટ જ્ઞાનદશા, જ્ઞાનની પૂર્ણતા, રત્નત્રયીની પરિણતિ, શુદ્ધ-અખંડ આત્મગુણોનો આનંદ, આત્મગુણોની સાધના અને આત્મગુણોનો આવિર્ભાવ ન હોય તો શરીરે રાખ લગાવે, કેશલોચ કરે કે શરીરે મેલ ધારણ કરે, તેનાથી તે મહાત્મા કેમ કહેવાય? આવું તત્ત્વદૃષ્ટિ આત્મા સમજે છે. બાહ્યદૃષ્ટિવાળો બાહ્ય-સાધુના માત્ર દેખાવને આ સાધુ છે, આ મહાત્મા છે એમ માની લે છે. પરંતુ તત્ત્વદૃષ્ટિવાળો આત્મા તો ગુણોના પ્રગટ થવા વડે જ ગુણીને મહાન માને છે.

શ્રી હરિભદ્રસૂરિજીએ "ષોડશક" ગ્રંથમાં કહ્યું છે કે

બાલ: પશ્યતિ લિંગં, મધ્યમબુદ્ધિ: વિચારયતિ વૃત્તમ્
આગમતત્ત્વં તુ બુધ:, પરીક્ષતે સર્વયત્નેન

અર્થ: બાળ (અજ્ઞાની) વેષને જુએ છે, મધ્યમ બુદ્ધિવાળો આચાર (વૃત્ત) નો વિચાર કરે છે અને પંડિત સર્વ પ્રયત્નોથી આગમના તત્ત્વોની પરીક્ષા કરે છે.

ઉત્તરાધ્યયન સૂત્રમાં ભગવાન મહાવીરે કહ્યું છે કે:

ન વિ મુંડિએણ સમણો, ન ઓંકારેણ બંભણો
ણ મુણી રણ્ણવાસેણં, કુસચીરેણ તાવસો

અર્થ: માથે મુંડન કરવાથી શ્રમણ કહેવાતો નથી. ૐકારનો જાપ કરવાથી બ્રાહ્મણ થવાતું નથી. અરણ્યમાં રહેવાથી મુનિ કહેવાતો નથી અને કુશ (દર્ભ નામનું ઘાસ) નાં વસ્ત્ર પહેરવાથી તાપસ થવાતું નથી.

તેમાં ઉત્તરમાં ભગવાને કહ્યું કે:

સમયાએ સમણો હોઈ, બંભચેરેણ બંભણો
નાણેણ મુણી હોઈ, તવસા હોઈ તાવસો

અર્થ: સમભાવથી શ્રમણ થવાય છે. બ્રહ્મચર્યના પાલનથી બ્રાહ્મણ થવાય છે, જ્ઞાન પ્રાપ્તિથી મુનિ થવાય છે અને તપ કરવાથી તાપસ થવાય છે.

તત્ત્વદૃષ્ટિ જીવ સાધુ બાવાઓના કષ્ટથી અંજાતા નથી. એવું કષ્ટ તો તિર્યંચ ગતિના જીવો કેટલું ભોગવે છે! તત્ત્વદૃષ્ટિવાળો જીવ તો સાધકની આત્મદશા- જ્ઞાનદશા કેટલી ઊંચી છે, તેની અંતરંગ પરિણતી કેવી છે, તેના કષાયોની મંદતા કેવી છે, તેનું અંતિમ લક્ષ્ય શું છે તેનો વિચાર કરીને તે પ્રમાણે તેની મહત્તા સમજે છે.

શ્લોક-૮

ન વિકારાય વિશ્વસ્ય, ઉપકારાયૈવ નિર્મિતાઃ
સ્ફુરત્કારુણ્યપીયૂષ - વૃષ્ટયસ્તત્ત્વદૃષ્ટયઃ (૧૯-૮)

<u>શબ્દાર્થ</u>: ન = નહિ, વિકારાય = વિકારને માટે, વિશ્વસ્ય = વિશ્વના, ઉપકારાય = ઉપકારને માટે, એવ = જ, નિર્મિતાઃ = ઉત્પન્ન કરેલા છે, સ્ફુરત્કારુણ્યપીયૂષવૃષ્ટયઃ = જેનાથી કારુણ્યરૂપી અમૃતની વૃષ્ટિ સ્ફુરાયમાન છે, તત્ત્વદૃષ્ટયઃ = તત્ત્વદૃષ્ટિવાળા

<u>શ્લોકાર્થ</u>: સ્ફુરાયમાન (વિકાસ પામતી) કરુણારૂપી અમૃતની વૃષ્ટિ કરનારા તત્ત્વદૃષ્ટિ પુરુષો વિકાર માટે નહિ પણ વિશ્વના ઉપકાર માટે જ ઉત્પન્ન કરેલા છે.

<u>ભાવાર્થ</u>: તત્ત્વદૃષ્ટિવાળા મહાત્માઓનું જીવન કેવું હોય છે? તેમનું જીવન વિકાર માટે નહિ પણ વિશ્વના ઉપકાર માટે હોય છે. તેઓ દરેક પરિસ્થિતિને રાગ દ્વેષથી નહિ પણ તટસ્થ તત્ત્વદૃષ્ટિથી એટલે કે આત્મતત્ત્વની દૃષ્ટિથી અથવા આત્મતત્ત્વના સંવેદનરૂપ-દૃષ્ટિથી જુએ છે. એવી દૃષ્ટિવાળા મહાત્માઓ સંસારમાં પુદ્ગલના ખેલને સમદૃષ્ટિથી નિહાળે છે, પરંતુ એ ખેલના ભોગ બનેલા જીવો પ્રત્યે તેઓ અનુકંપાનો ભાવ ધરાવે છે. કોઈ શક્તિમાન, સંપત્તિવાન, ઐશ્વર્યવાન માણસ પોતાના શક્તિ-સામર્થ્ય માટે અતિશય ગર્વ કરતો હોય તો તત્ત્વદૃષ્ટિવાળાઓને એના પ્રત્યે દ્વેષ કે તિરસ્કાર થતો નથી. તેમના અંતરમાંથી સતત કરુણારૂપી અમૃતની વૃષ્ટિ થયા કરે છે. આવા તત્ત્વદૃષ્ટિ આત્માઓ પોતે તરે છે અને બીજાને તારે છે.

વિશિષ્ટ ગુરુભગવંતો પાસે જો શિષ્યો તત્ત્વદૃષ્ટિવાળા બને છે તો રાગ અને દ્વેષરૂપ ઉપાધિની વિશેષ વૃદ્ધિ માટે નહીં, પરંતુ ત્રણે ભુવનમાં રહેનારા સર્વ જીવોનો ઉપકાર કેમ થાય? એવા પ્રકારનો સદુપદેશ આપી શકે અને શુદ્ધ એવા આત્મતત્ત્વનો બોધ કરાવી શકે એવા પ્રકારનો ઉપકાર કરવા માટે જ આવા તત્ત્વદૃષ્ટિવાળા જીવોને ગુરુભગવંતો તૈયાર કરે છે.